વિદેશ અને કાપડ રાજ્ય મંત્રી શ્રી પબિત્રા માર્ગેરિટાની સ્વતંત્ર રાજ્ય સમોઆ, કૂક ટાપુઓ અને નાઓએરો ગણરાજ્યની મુલાકાત (16–22 ઑક્ટોબર, 2026)

વિદેશ અને કાપડ રાજ્ય મંત્રી [એમઓએસ (પીએમ)] શ્રી પબિત્રા માર્ગેરિટા 16–22 ઑક્ટોબર 2026 દરમિયાન સ્વતંત્ર રાજ્ય સમોઆ, કૂક ટાપુઓ અને નાઓએરો ગણરાજ્યની સત્તાવાર મુલાકાત લેશે.

2. મુલાકાત દરમિયાન, એમઓએસ (પીએમ) ત્રણ પ્રશાંત મહાસાગરીય ટાપુ દેશોના વરિષ્ઠ નેતૃત્વ સાથે દ્વિપક્ષીય બેઠકો યોજે તેવી અપેક્ષા છે. તેઓ અન્ય મહત્ત્વના હિતધારકો તથા ભારતીય સમુદાયના સભ્યો સાથે પણ સંવાદ કરશે. તેઓ આ પ્રદેશમાં ભારતની સહાયથી હાથ ધરવામાં આવેલા વિકાસલક્ષી પ્રોજેક્ટ્સની પણ મુલાકાત લેશે.

3. આ મુલાકાત ફોરમ ફોર ઇન્ડિયા-પેસિફિક આઇલેન્ડ્સ કોઓપરેશન (એફઆઈપીઆઈસી)ના માળખા હેઠળ પ્રશાંત ટાપુ દેશો સાથેની ભાગીદારીને વધુ મજબૂત બનાવવા અને આ ક્ષેત્ર સાથે રાજકીય સ્તરે ગાઢ સંપર્કો તથા વિકાસલક્ષી સહકાર વધારવા માટેની ભારતની પ્રતિબદ્ધતા દર્શાવે છે. તે મે 2023માં પોર્ટ મોરેસ્બીમાં યોજાયેલી 3જી એફઆઈપીઆઈસી શિખર બેઠક દ્વારા પ્રાપ્ત થયેલી પ્રગતિને આગળ વધારે છે.

નવી દિલ્હી

13 ઑક્ટોબર, 2026